# લોર્ડસ પરની વન ડે રોહિત શર્માની છેલ્લી ઇન્ટરનેશનલ મેચ હોવાની ભારે ચર્ચા

**પસંદગીકારો** લોર્ડસ વન ડે પછી રોહિત શર્માને ટીમમાં પસંદ કરવા ઇચ્છુક નથી



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ) : યુકેમાં હાલ ચાલી રહેલી સફેદ બોલની સીરિઝ પછી ભારતીય પસંદગીકારો રોહિત શર્માને ટીમમાં પસંદ કરવા ઇચ્છુક ન હોવાની ચર્ચાને પગલે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રવિવારે લોર્ડસના મેદાન પર રમાનારી ત્રીજી વન ડે માજી કેપ્ટની કેરિયરની અંતિમ ઇન્ટરનેશનલ મેચ બની શકે છે.

રોહિતે છેલ્લી આઠ વન ડેમાં 30.1ની એવરેજ અને 88.6ની સ્ટ્રાઇક રેટથી કુલ 241 રન બનાવ્યા છે. પસંદગી સમિતિના ચેરમેન અજીત અગરકર હાલ કાર્ડિફમાં છે અને તે આવતા વર્ષના વન ડે વર્લ્ડકપ માટે બે વારના આઇસીસી ટ્રોફી ચેમ્પિયન 39 વર્ષિય માજી કેપ્ટનને તેમાં સમાવવા ઇચ્છુક નથી. પસંદગીકારો ત્રણ ઇનિંગમાં બે સદી ફટકારનાર યશસ્વી જયસ્વાલને સમાવવા ઇચ્છુક છે. બીસીસીઆઇના એક સીનિયર સૂત્રએ નામ ન આપવાની શરતે કહ્યું હતું કે રોહિતને કોઇ નિવૃત્તિ લેવા માટે કહી ન શકે પણ એ સ્પષ્ટ છે કે પસંદગીકારો ઘરઆંગણે વેસ્ટઇન્ડિઝ સામેની સપ્ટેમ્બરમાં રમાનારી સીરિઝમાં તેની પસંદગી નહીં કરે.

# RTOમાં કારના રિ-રજિસ્ટ્રેશનના 5000ના સીધા 13,500 કરી દેવાયા

**વાહન** માલિકો સાથે તકરારના કિસ્સા થતાં એજન્ટોએ કામકાજ બંધ કર્યું

સુરતઃ સુરત RTOમાં જૂના વાહનોના ફિટનેસના નવા નિયમોના નામે સુરત આરટીઓમાં વાહનચાલકો પાસેથી પઠાણી ઉઘરાણી શરૂ થતાં ભારે હોબાળો મચી ગયો છે. ઓનલાઈન પોર્ટલ પર સિસ્ટમ અપડેટ થઈ નથી ત્યાં જ આરટીઓ પ્રશાસન દ્વારા નવા ધારાધોરણ અનુસાર બમણીથી વધુ ફી વસૂલવાનું શરૂ કરી દેવાતા વાહન માલિકો અને એજન્ટોમાં તીવ્ર રોષ વ્યાપ્યો છે. એજન્ટોએ તો ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે આરટીઓમાં નિયમોના નામે લૂંટ ચલાવવામાં આવી રહી છે. ઘણા કિસ્સાઓમાં વાહનચાલકોએ નિયમ લાગુ થયા પહેલાં જ અગાઉથી રજિસ્ટ્રેશન કરાવી દીધું હોવા છતાં તેમની પાસેથી પણ બળજબરીપૂર્વક નવી ફી વસૂલાઈ રહી છે. ઓનલાઈન પોર્ટલ પર ઓછી ફી બતાવતી હોવાથી વાહનમાલિકો નવી ફી ભરવા તૈયાર થતા નથી.

### આરટીઓ શું કહે છે?

આરટીઓના સૂત્રો કહે છે કે, થોડી કન્ફ્યૂઝન થઈ છે. તેનું કારણ એ છે કે હજુ પોર્ટલ અપડેટ થઈ નથી, પરંતુ ઉપરથી એવો આદેશ છે કે, નવા ફી સ્ટ્રક્ચર પ્રમાણે ફી વસૂલવી. તે અંગે એક જીએસઆર આવ્યો છે. પોર્ટલ અપડેટ ન હોવાથી જૂના ફી સ્ટ્રક્ચર પ્રમાણે ફી જનરેટ થાય છે પરંતુ ઉઘરાણી નવા ફી સ્ટ્રક્ચર પ્રમાણે થાય છે. તેની અધિકૃત રસીદ ઈન્સ્પેક્ટરો દ્વારા આપવામાં આવતી હોય છે. તેથી કશું ખોટું થઈ રહ્યું હોવાની વાત ગેરવ્યાજબી છે. એટલું જ નહીં આદેશ અનુસાર ગઈ તા. 8 મે 2026 બાદ જેટલાં વાહનો રી રજિસ્ટ્રેશન થયા છે તે બધામાં નવા ફી સ્ટ્રક્ચર પ્રમાણે ફી વસૂલવાની છે. તેથી ભવિષ્યમાં કદાચ પાછલા બે મહિનામાં રી રજિસ્ટર્ડ થયેલા વાહનોમાં રિક્વરી આવી શકે છે. હાલ તે અંગે માર્ગદર્શન માંગ્યું છે.

ઇસ્કોન રથયાત્રા



(તસવીર : સતીષ જાદવ, હેમંત ડેરે)

ગોડિયાબાવા, મહિધરપુરા



લંકાવિજય હનુમાન



## ''મંદિરીયેથી મારો વ્હાલો બહાર આવ્યો, સાથે સુભદ્રાજી ને બલભદ્ર લાવ્યો''

# અષાઢી બીજે આસ્થાનું ઘોડાપૂર

**'જય જગન્નાથ'ના** ગગનભેદી નારાઓથી ગૂંજ્યું શહેર, શહેરમાંથી કુલ આઠ રથયાત્રા નીકળી

**ઇસ્કોનની** ભવ્ય યાત્રા જોવા લાખો ભક્તો ઊમટ્યા, પોલીસનો ચાંપતો બંદોબસ્ત વચ્ચે યાત્રા સંપન્ન

સુરતઃ અષાઢી બીજના પાવન પર્વે સુરત શહેર જાણે ભક્તિના મહાસાગરમાં ડૂબી ગયું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામજીની કુલ આઠ રથયાત્રા નીકળી હતી. ઈસ્કોન મંદિરની ભવ્ય રથયાત્રાએ વૈભવ, આધ્યાત્મિકતા અને લોકઆસ્થાનો એવો અદ્વિતીય સમન્વય સર્જ્યો કે સમગ્ર શહેર કલાકો સુધી 'જય જગન્નાથ'ના ગુંજતા નારાઓથી ધબકતું રહ્યું. જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિરથી ભગવાન જગન્નાથને સુરત રેલવે સ્ટેશન સુધી લાવવા માટે લક્ઝરી કારોના ભવ્ય કાફલાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### સચિનમાં શ્રી જગન્નાથની રથયાત્રા 'માસીના ઘરે' પહોંચી

સચિન સ્થિત શ્રી જગન્નાથ સેવા ટ્રસ્ટ દ્વારા ગુરુવારે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ભક્તિમય માહોલમાં યોજાઈ હતી. બપોરે 1 વાગ્યે મંદિર થી પ્રસ્થાન કરેલી રથયાત્રા સચિનના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ મોટી સંખ્યામાં ભક્તો ના જયઘોષ વચ્ચે આગળ વધી હતી. માર્ગમાં અનેક સ્થળોએ ભક્તોએ ભગવાનના દર્શન કરી પુષ્પવર્ષા અને આરતી કરીને સ્વાગત કર્યું હતું. યાત્રા પરંપરા મુજબ સચિન સ્લેમ વોર્ડ વિસ્તારમાં આવેલા 'માસીના ઘરે' પહોંચી હતી, જ્યાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. રથયાત્રામાં ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ પણ જોડાયા હતા અને ભગવાન જગન્નાથના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. પો

### મહિધરપુરામાં મોટા ગોડિયા બાપા ગોપાલ જી મંદિરની ભગવાન જગન્નાથજીની રથયાત્રા

મહિધરપુરા સ્થિત મોટા ગોડિયા બાપા ગોપાલ જી મંદિર દ્વારા આજે ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા સવારે 9 વાગ્યે મંદિરેથી પ્રસ્થાન થઈ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. સમગ્ર માર્ગ પર ભક્તિમય જયઘોષ અને ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. યાત્રાના માર્ગ પર સ્થાનિકોએ પણ ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. બપોરે અંદાજે 1 વાગ્યે રથયાત્રા પુનઃ મોટા ગોડિયા બાપા જી ગોપાલ મંદિર ખાતે પરત ફરી હતી.

### રથયાત્રા વચ્ચે એમ્બ્યુલન્સને તરત માર્ગ મળ્યો

સુરત રેલવે સ્ટેશનથી ઇસ્કોન મંદિર દ્વારા નીકળેલી ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા દરમિયાન ભક્તિ સાથે માનવતાનું પણ અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. લાખો ભક્તોની ભીડ વચ્ચે અલગ-અલગ સમયે એમ્બ્યુલન્સ યાત્રાના રૂટ પર પહોંચી હતી. સ્વયંસેવકો અને પોલીસની સતર્કતાથી ક્ષણોમાં જ ભીડને બાજુએ ખસેડી એમ્બ્યુલન્સને તાત્કાલિક રસ્તો આપવામાં આવ્યો હતો. ભક્તોએ પણ સંપૂર્ણ શિસ્ત અને સંયમ દાખવી કોઈ અવરોધ ઊભો કર્યા વિના જીવ બચાવવાની ફરજને પ્રાથમિકતા આપી હતી. 'સેવા જ પરમો ધર્મ'નો સંદેશ રથયાત્રા દરમિયાન જીવંત બની ઊઠ્યો હતો.

# પીપલોદ બાદ હવે જહાંગીરાબાદમાં બનશે મનપાનું નવું નાઇટ ફૂડ માર્કેટ

**રૂ. 4.55** કરોડના પ્રોજેક્ટને સ્થાયી સમિતિમાં દરખાસ્ત

સુરત : શહેરના નાગરિકોને મોડીરાત્રી સુધી એક જ સ્થળે વિવિધ પ્રકારની વાનગીઓનો આનંદ મળી રહે તે માટે મનપાએ અગાઉ પીપલોદ ખાતે નાઇટ ફૂડ માર્કેટ શરૂ કર્યું હતું. આ ફૂડ માર્કેટને લોકોનો ભારે પ્રતિસાદ મળ્યો છે. ખાસ કરીને સપ્તાહાંત અને તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉમટતા લાંબી કતારો જોવા મળે છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને શહેરના અન્ય વિસ્તારોમાં પણ આવા ફૂડ માર્કેટ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના ભાગરૂપે રાંદેર ઝોનના જહાંગીરાબાદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. 30 (વણકલા-ઓખા-વિહેલ)ના ફાઇનલ પ્લોટ નં. 130 ખાતે નાઇટ ફૂડ માર્કેટ વિકસાવવામાં આવશે. અહીં આધુનિક સુવિધાઓ સાથે ફૂડ સ્ટોલ, બેઠક વ્યવસ્થા અને અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે સુરત મહાનગરપાલિકાએ રૂ. 6.27 કરોડનો અંદાજ તૈયાર કરીને વિવિધ એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવ્યા હતા. પાંચ એજન્સીઓમાંથી 'મે. આર.ઓ. અગ્રવાલ'ની રૂ. 4.55 કરોડની ઓફર સૌથી ઓછી રહી હતી, જે મનપાના અંદાજિત ખર્ચ કરતાં 27.32 ટકા ઓછી છે. ટેન્ડર યોગ્ય જણાતા આ એજન્સીને કામ સોંપવાની ભલામણ કરતી દરખાસ્ત હવે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ રાંદેર વિસ્તારમાં પણ પીપલોદની તર્જ પર નાઇટ ફૂડ માર્કેટ ઉભું થશે, જે સ્થાનિક નાગરિકો ઉપરાંત શહેરના અન્ય વિસ્તારોમાંથી આવતા ખાણીપીણીના શોખીનો માટે પણ નવું આકર્ષણ બનશે.

# મનપાના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 10 ટકા વધારાની દરખાસ્ત

**ડીએ** 50 ટકાથી વધારી 60 ટકા કરવાની તૈયારી, દર વર્ષે રૂ.14 કરોડનો વધારાનો બોજ

**નવી** પેન્શન યોજનાના લાભો પણ અમલમાં મૂકવાની કવાયત

સુરતઃ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાં (DA)માં 10 ટકાનો વધારો અમલમાં મૂકવાની દરખાસ્ત શનિવારે મળનારી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારના ઠરાવને અનુસરીને 1 જાન્યુઆરી, 2026થી મોંઘવારી ભથ્થાનો દર 50 ટકાથી વધારી 60 ટકા કરવાનો નિર્ણય અમલમાં મૂકવા વહીવટી મંજૂરી માંગવામાં આવી છે.

મનપાની નીતિ મુજબ રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓને જે પ્રકારના પગાર અને ભથ્થાના લાભો આપે છે, તે જ લાભો મહાનગરપાલિકાના કર્મચારીઓને પણ આપવામાં આવે છે. તે અનુસંધાને મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ નિર્ણય અમલમાં આવ્યા બાદ મહાનગરપાલિકા પર દર મહિને અંદાજે રૂ.1.16 કરોડ અને વાર્ષિક રૂ.13.98 કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે.

આ સાથે જ છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર અને પેન્શન મેળવતા કર્મચારીઓ તથા પેન્શનર્સ માટે પણ રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થાનો દર 1 જાન્યુઆરી, 2026થી વધારી 262 ટકા કરવાનો નિર્ણય કર્યો છે. તેના અમલ માટે પણ સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માંગવામાં આવી છે. આ નિર્ણયથી દર મહિને અંદાજે રૂ.42 લાખ અને વર્ષે રૂ. 5.12 કરોડનો વધારાનો ખર્ચ થશે.

## હાલમાં સુરતમાં તાપી નદીમાં પૂર, ખાડીપૂર કે ભારે વરસાદમાં થતાં લાખોના નુકસાનથી બચવા

# શહેરમાં સ્પન્જ સિટીથી માંડીને વોટર ગ્રિડ બનાવો

**વરસાદી** પાણી જમીનમાં શોષવાથી માંડીને અન્યો અનેક મંતવ્યો સુરતના વિવિધ નિષ્ણાંતોએ રજૂ કર્યા

**સુરતઃ સુરતમાં હાલમાં ખાડીપૂરે કહેર મચાવ્યો છે પરંતુ ખાડીપૂર કરતાં પણ ભયંકર તાપી નદીનું પૂર હોય છે. 2006માં તાપી નદીનું પૂર કેવું હોય તેનો અનુભવ આખા સુરતે કર્યો છે. ત્યારે ચોમાસામાં પડતો ભારે વરસાદથી પાણીનો ભરાવો, તાપી નદીમાં પૂર આવે અને પાણી ભરાય તેમજ ખાડીપૂરમાં પાણી ભરાય, તો તેને અટકાવવા માટે શું શું કરી શકાય? તેના મંતવ્યો સુરતના નિષ્ણાંતો દ્વારા રજૂ કરવામાં આવ્યા છે.**

### પાણીના નિકાલ માટે બને એટલી વધુ નહેરો વિકસાવો: પર્સી એન્જિનિયર, (આર્કિ. પ્લાનર, પ્રિન્સિપલ- સ્કેટ આર્કિટેક્ચરલ કોલેજ)



જો તાપી નદી અને એના કેચમેન્ટ એરિયાની વાત કરીએ તો આપણે સુરતીઓ 'ટેલ એન્ડ' - એટલે કે સૌથી છેવટના સ્થળે રહીએ છીએ. ડેમમાંથી છોડાતું પાણી તેમજ ઉકાઈથી સુરત સુધીના કેચમેન્ટ એરિયાનું બધું પાણી આખરે સુરત આવે છે. એમાંથી કેટલું પાણી સમુદ્ર સ્વીકારશે, એ મોટો પ્રશ્ન છે. આપણી ટેકનોલોજી અત્યારના સિનારિયોમાં અધૂરી છે. સ્પન્જ સીટીનો કન્સેપ્ટ પણ આ તબક્કે અમલમાં મૂકી શકાય એમ નથી. કારણકે એવું કરવા માટે અત્યારનું ઘણુંખરું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડિમોલીશ કરીને આખું સુરત શહેર રિ-ડેવલપ કરવાની નોબત આવે. જે સુરતના સંદર્ભમાં શક્ય નથી લાગતું. બીજા દેશો ફ્લડિંગથી બચવા શું કરે છે, એ તરફ નજર દોડાવવી જોઈએ. દાખલા તરીકે નેધરલેન્ડ દેશનો તો મોટો હિસ્સો દરિયાની સપાટી કરતાં નીચો છે. રાજધાની આમસ્ટરડેમનું એરપોર્ટ સુધ્ધાં દરિયાઈ સપાટી કરતાં 3.4 મીટર (આશરે અગિયાર ફીટ) જેટલું નીચું છે! તેમ છતાં આ દેશ પાણીમાં ડૂબી નથી જતો. ત્યાંના ટેકનોક્રેટ્સ અને તંત્ર કઈ રીતે કામ કરે છે એ સમજવું જોઈએ. બને તો એમની ટેકનિકલ મદદ પણ લઇ શકાય. જો એ લોકો દરિયાની સપાટી કરતા નીચા લેવલે રહીને પણ અસ્તિત્વ ટકાવી શકતા હોય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરી શકતા હોય તો આપણે શા માટે નહિ! સુરતની વાત કરીએ તો આપણે પાણીના નિકાલ માટે બને એટલી વધુ ચેનલ્સ (નહેરો) વિકસાવવી જોઈએ, જે પૂર જેવા સમયે પાણીને શહેરમાંથી બહાર કાઢવામાં મદદરૂપ થાય.



### સુરતના વિવિધ વિસ્તારોના લેવલને ધ્યાનમાં રાખીને આયોજનો થાય તો પાણીનો ઝડપી નિકાલ કરી શકાય: ડૉ કૃપેશ ચૌહાણ (હેડ, અર્બન પ્લાનિંગ સેન્ટર)



ગ્લોબલ વોર્મિંગને કારણે આખા વિશ્વમાં દરિયાની સપાટી વધી રહી છે. દરિયા કિનારે વસેલું દરેક શહેર જોખમમાં છે, એમ માનીને ચાલવું. વળી ક્લાઉડ બર્સ્ટ જેવી ઘટનાઓનું જોખમ પણ ખરું જ. સુરત જેવા શહેરો પરથી વસ્તીનું ભારણ હળવું કરી શકાય. જો આ ભારણ હળવું થશે, તો પૂર નિયંત્રણ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં પણ સરળતા રહેશે. શહેરમાં વિવિધ વિસ્તારોના લેવલ્સને ધ્યાને લેવા ખૂબ જરૂરી છે. પૂર આવે એવા સંજોગોમાં કોઈ એક વિસ્તારમાં ભરાયેલા પાણીનો નિકાલ કયા વિસ્તારમાં કે જળાશયમાં કરવો, એનું પ્લાનિંગ હોવું જોઈએ.

### પૂરના સમયે પાણીના વહેણ માટે આઉટર રિંગ રોડની બંને તરફે નહેર બનાવી શકાય: ફાલ્ગુની દેસાઈ (આર્કિટેક્ટ, માસ્ટર ઇન લેન્ડસ્કેપ ડિઝાઈન)

સ્પન્જ સિટી એ બહુ વ્યાપક ખ્યાલ છે. એના માટે આખું ઇકોલોજિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવું પડે. અત્યારે ભલે અઘરું લાગે, પણ વ્યવસ્થિત નીતિ અને એના અમલથી શહેર અને આસપાસના ઘણા વિસ્તારોને સ્પન્જ એરિયા તરીકે વિકસાવી શકાય. ફ્લડ પ્લેન - એટલે કે જે વિસ્તાર વારંવાર પૂરગ્રસ્ત થવાની પેટર્ન ધરાવતો હોય, એ વિસ્તાર માટે બાંધકામ અને વિકાસને લગતા વિશિષ્ટ કાયદાઓ ઘડવા પડે અને એનો કડક અમલ પણ કરવો પડે. ગ્રીન બેલ્ટ્સ, પાણીના મોટા જથ્થાનો સંગ્રહ કરે એવા વિશાળ બેઝિન્સ વગેરેનું નિર્માણ કરવું પડે. પાણીના નિકાલ માટે એક્વેડક્ટસ સહિતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવું પડે. સાથે જ વિશાળ વેટલેન્ડ્સને અભ્યાસ અને નિયંત્રિત પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી શકાય. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ પાસે અર્બન ફ્લડિંગ અંગેની ગાઈડલાઈન્સ છે. એ સિવાય તળાવો અંગેની માહિતી રેવન્યુ ડિપાર્ટમેન્ટ પાસે, અને સુરત જીલ્લામાંથી પસાર ખાડીઓ અંગેની માહિતી ઈરીગેશન ડિપાર્ટમેન્ટ પાસે છે. વેટલેન્ડ પ્રોટેક્શન ઓથોરિટી સાથે આ તમામ ડેટા અને માહિતીઓનું સંકલન થવું જોઈએ. શહેરમાં નવી ટીપી કે ડેવલપમેન્ટ પ્લાન બને, તો એ આ સંકલિત ડેટાને આધારે જ બનવો જોઈએ. હાલમાં જે આઉટર રિંગ રોડ બની રહ્યો છે, એને પણ શહેરની ફરતેના કોઝ વે અથવા એક્વેડક્ટ તરીકે વિકસાવી શકાય, જે પૂર સમયે પાણીના વહેણને ડાયવર્ટ કરવામાં કામ લાગે. રોમથી માંડીને દક્ષિણ ભારત સુધી સદીઓ અગાઉ બનેલા એક્વેડક્ટ્સ કે એના અવશેષો જોવા મળે છે. માત્ર ખાડીઓનું ડ્રેજિંગ કર્યા કરવાને બદલે પાણીને ફેલાવા માટે વિશાળ વિસ્તાર ઉપલબ્ધ થાય તો પરિણામ મળે.

## સંક્ષિપ્ત સમાચાર

### આગામી તા.18-19 જુલાઈએ ખ્વાજા દાના દરગાહનો સંદલ-ઉર્સ ઉજવાશે

સુરતઃ સુરતમાં બડેખાં ચકલા ખાતે આવેલી ખ્વાજા દાના દરગાહના સંદલ ઉર્સની ઉજવણી આગામી તા.18-19મી જુલાઈના રોજ શનિ-રવિવારે મીર સૈયદ ફીરોઝ સૈયદ ઇબ્રાહીમની સરપરસ્તીમાં થશે. આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર ઇકબાલભાઈ પટેલ, દરગાહ ટ્રસ્ટીઓ સૈયદ આહમદભાઈ, સૈયદ અલ્તાફભાઈ તથા હાજી નાશીરભાયા, મુન્ના બાપુ, હાજી ખલીલભાઈ ચાવાળા, ગુલામ મુસ્તુફા, અલાઉદ્દીન પટેલ, આસીફ પટેલ, સમીર નાનવાલા, આરીફ ટેલર, અમીન બાપુ, બાબા દરગાહ, અકરમ પઠાણ, માજીદ પટેલ, હુનેફ શેખ દ્વારા દરગાહની આસપાસના વિસ્તારોમાં સફાઈ કરવાની સાથે સાથે પાણીના ટેન્કરો ફાળવવાથી માંડીને સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવવાની રજૂઆત મ્યુનિ. કમિ. એમ. નાગરાજન તેમજ બંદોબસ્ત માટે અઠવાના પીઆઈ પીએચ ભાટીને કરવામાં આવી છે.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી મોહમ્મદ પેગમ્બર સાહેબના દોહિત્ર શહીદે કરબલા ઈમામે હુશેનની યાદમાં વર્ષ ૧૩મું અને બ્લડ કેમ્પ ૨૮મું તારીખ ૨૮/૦૬/૨૦૨૬ રવિવાર સવારે ૯ થી ૨ દરમિયાન ખ્વાજા ગરીબ નવાઝ ઓ.પી.ડી સેન્ટર ઉપર રાખવામાં આવ્યું હતું. જેમાં ૬૩ યુનિટ બ્લડ એકઠું કરાયું હતું. કેમ્પને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીર દડા, સેક્રેટરી ફયાઝ ચીડીમાર, આસીફ રાજવાની, હસન ચીડીમાર, તબસ્સુમ, નુસૈબા, કાદરભાઈ, બકુલ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

### સુરતમાં પાસપોર્ટ અરજદારો માટે શનિવારે સ્પેશિયલ કેમ્પ યોજાશે

સુરતઃ વધતી જતી પાસપોર્ટ સેવાઓની માંગને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક પાસપોર્ટ કચેરી સુરત દ્વારા આગામી 18 જુલાઈ શનિવારે સુરત સ્થિત પાસપોર્ટ સેવા કેન્દ્ર ખાતે વિશેષ પાસપોર્ટ સેવા અભિયાન (સ્પેશિયલ ડ્રાઇવ) નું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ અભિયાન માટેની એપોઇન્ટમેન્ટ સ્લોટ્સ 11 જુલાઈએ પાસપોર્ટ સેવા પોર્ટલ પર સામાન્ય (નોર્મલ) પાસપોર્ટ અરજદારો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.. જે અરજદારોએ અગાઉ એપોઇન્ટમેન્ટ મેળવી હોવા છતાં નિર્ધારિત તારીખે હાજરી આપી ન હોય અથવા જેમની એપોઇન્ટમેન્ટ સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય, તેઓ પણ આ વિશેષ ડ્રાઇવ માટે નવી એપોઇન્ટમેન્ટ બુક કરાવી શકશે. પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ અરજદારોને અપીલ કરી છે કે તેઓ એપોઇન્ટમેન્ટ બુક કરતા પહેલાં પાસપોર્ટ સેવા પોર્ટલ પર જઈ જરૂરી દસ્તાવેજોની માહિતી મેળવી લે, જેથી પાસપોર્ટ સેવા કેન્દ્ર ખાતે તેમની અરજીની પ્રક્રિયા સરળ અને વિલંબ વિના પૂર્ણ થઈ શકે.

### સુરત જિલ્લા લિગલ એડ ડિફેન્સ કાઉન્સેલના છ એલએડીસીને છૂટા કરાયા

સુરતઃ સુરત જિલ્લા લિગલ એડ ડિફેન્સ કાઉન્સેલમાં કરાર આધારિત લિગલ એડ ડિફેન્સ કાઉન્સેલ (એલએડીસી)માં કોન્ટ્રાક્ટ રિન્યૂ ન થતાં એલએડીસીમાં હિરેન કંથારિયા, અમિત ચતુર્વેદી, મેહુલ રાણા, વૈશાલી પરદેશી, અનિલ દંતાણી અને પ્રિતેશ ઢીમરને કાર્યમુક્ત કરવામાં આવ્યા છે. ડેપ્યુટી એલડીસી અંજનાબેન પંચાલને ફરીથી સેવામાં પરત લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત જિગ્નાબેન સોનીની ગાંધીનગર ખાતે એલએડીસી ચીફ તરીકે નિમણૂક કરવામાં આવી છે. દરમિયાન ખાલી પડેલી જગ્યાઓ માટે નવા એલએડીસીની ભરતી કરવા જાહેરાત બહાર પાડવામાં આવી હતી. પસંદગી પ્રક્રિયા દરમિયાન અચાનક બ્રેક લાગતાં ભરતી પ્રક્રિયા હાલ અટકી ગઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. દરમિયાન ચીફ લિગલ એડ ડિફેન્સ કાઉન્સેલ રિન્કુબેન પારેખનાં જણાવ્યાં મુજબ નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી દ્વારા આ છ વકીલનો કરાર પૂરો થતાં રિન્યુ કરવામાં આવ્યાં નથી.

### AM/NS India અને SVNITની રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ પહેલનો પ્રારંભ



સુરતઃ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા અને સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT), સુરતે સંયુક્ત રીતે એમ્પ્લોયેબિલિટી એનહાન્સમેન્ટ પ્રોગ્રામ (EEP) નો પ્રારંભ કર્યો છે. એક વર્ષીય સર્ટિફિકેશન કોર્સ દ્વારા એન્જિનિયરિંગ સ્નાતકો અને ડિપ્લોમા ધારકોને ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ વ્યવહારુ તાલીમ અપાશે. પ્રથમ બેચમાં કુલ 80 તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં 40 એન્જિનિયરિંગ સ્નાતકો અને 40 ડિપ્લોમા ધારકોનો સમાવેશ થાય છે. ઉદ્ઘાટન સમારોહમાં સુરતના કલેક્ટર તેજસ પરમાર, SVNITના ડિરેક્ટર પ્રોફ. ડૉ. અનુપમ શુક્લા અને AM/NS Indiaના ડિરેક્ટર તથા વાઇસ પ્રેસિડેન્ટ આશુતોષ તેલાંગ ઉપસ્થિત રહ્યા હતા.

### પિતાનું બલિદાન સૌથી વધુ હોય છે પરંતુ તેને સૌથી ઓછી ક્રેડિટ મળે છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ નવી ચાલ સ્થિત ભીવંડી નગરમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, જીવનમાં સૌથી મોટુ બલિદાન આપનારું કોઈ તત્ત્વ હોય તો તે પિતા છે. છતાં પણ તેને સૌથી ઓછી ક્રેડીટ મળે છે. પિતા એ એવું વ્યક્તિત્વ છે કે જ્યારે એ ઓફિસે, દુકાને કે નોકરીએ જાય ત્યારે જુવાન હોય છે અને ઘરે પાછો ફરે ત્યારે ઘરડો થઈ જાય છે. પિતા એનું સમગ્ર જીવન પોતાના સંતાનોના ઉત્કર્ષ, વિકાસ અને ભવિષ્ય ખાતર હોડમાં મૂકી દે છે. સંતાનોના સપનાં પુરા કરવામાં અને ઘરને સમૃદ્ધ કરવામાં બાપનો ફાળો ઘણો બધો છે. પિતાના ખિસ્સામાં પૈસા હોય કે ન હોય પણ એના દિલમાં હોંશ અને હિંમત ઘણી હોય છે. પોતાની ખુશી માટે તે પાંચસો રૂપિયાના બુટ નહીં ખરીદે પણ પોતાના પાટવી કુંવરની ઈચ્છા પૂરી કરવા પાંચ હજારના બુટ એ દીકરાના પગમાં પહેરાવી દેશે.

### રાષ્ટ્રેતરા તેલુગુ સમાખ્યાનો 11મો વાર્ષિકોત્સવ યોજાયો

સુરતઃ રાષ્ટ્રેતરા તેલુગુ સમાખ્યા (RTS) દ્વારા 11મો વાર્ષિકોત્સવ ભવ્ય અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મહાન તેલુગુ સાહિત્યકાર અને સમાજસેવક મંડલી વેંકટેશ્વર રાવના શતાબ્દી જન્મોત્સવને સમર્પિત હતો. કાર્યક્રમમાં પ્રખ્યાત મહેમાનો મંડલી બુદ્ધા પ્રસાદ અને ગઝલ શ્રીનિવાસ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકો, યુવાનો અને મહિલાઓ દ્વારા કોલાટમ, કુચીપુડી નૃત્ય, તેલુગુ ગીતો, લોકનૃત્યો સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગારંગ રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ તેલુગુ ભાષા અને સંસ્કૃતિના સંવર્ધનનો સંદેશ આપતો ભવ્ય, સફળ અને યાદગાર રહ્યો. કાર્યક્રમનું આયોજન શ્રી તિરુપતિ બાલાજી સેવા એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાળાની જર્કમાં સ્ટેટ એડવાઈઝરી કમિટીમાં વરણી



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાળાની ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC) ની અત્યંત મહત્વની સ્ટેટ એડવાઈઝરી કમિટી (SAC) ના સભ્ય તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. SGCCIના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, “ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનની સ્ટેટ એડવાઈઝરી કમિટીમાં સભ્ય તરીકે સેવા આપવાની તક મળવી એ સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત માટે સન્માનની વાત છે. દક્ષિણ ગુજરાતના વેપાર અને ઉદ્યોગ જગતને મૂઝવતા વીજ કંપનીઓ સંબંધિત પ્રશ્નો તેમજ પાવર સેક્ટરના સુધારા માટેના સૂચનોને આ સર્વોચ્ચ મંચ પર અસરકારક રીતે રજૂ કરવાનો મારો મુખ્ય પ્રયાસ રહેશે.”